ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

મોદીજી ને યોગીના શિર્ષાસનનો ડર લાગે છે!
ઈન્દ્રને સદા પોતાના આસનનો ડર લાગે છે!
લાગે છે ડર તેથી મોકલે જાસૂસી મેનકાઓ -
ઘણીવાર અન્યના સુશાસનનો ડર લાગે છે!
(યોગી આદિત્યનાથથી અંટસ!!)

### હાઈકુ

પાણીમાં રહી -
યોગી બાંધે છે વેર -
મગર સાથે !

ગમતી નથી -
લગામ કોઈની યે -
સાચા સાધુ ને...

(ચેતમંછદર - યોગી આયા)

### ચિંતન

દુર્જન : ખલુ સાધુતા મુપૈતિ બહુ પ્રકારેઃ પરિપ્રેવ્યમાણ ।
આમૂલ સિક્તઃ પયસા ધુતેન ન નિમ્બવૃક્ષ મધુરત્મેતિ ॥

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

ખરેખર દુર્જનની સાથે લાંબો વખત રહેવાથી કે તેની મૈત્રી કરવાથી, કે તેનું સેવન કરવાથી દુર્જન સજ્જન થઈ જતો નથી. અર્થાત્ અનેક પ્રયત્નો કરવા છતાં જેમ કે, લીમડાના વૃક્ષના મૂળમાં દૂધ અને ઘીનું સેવન કરવામાં આવે તો પણ પોતાની કડવાશ છોડતો નથી. કડવો લીમડો મીઠો બનતો નથી.

માણસનો સ્વભાવ - પ્રકૃતિ, પ્રયત્નો અને તાલીમ દ્વારા બદલી શકાતો નથી. એમાં ય જડ પ્રકૃતિવાળાને ગમે તેટલું સમજાવો. પ્રેમ, આપો, ખુલાસો કરો, માફી માંગો, એમના મનમાંથી વહેમ શંકાના વાદળ કદાપિ વિખરાતાં નથી. પ્રકૃતિ પ્રાણ સાથે જ જાય છે. જેનામાં ઉત્તમ સંસ્કાર હોય, ઉદાર હોય, ક્ષમાશીલ હોય વિશાળ હૃદય ધરાવતાં હોય તેવાં લોકો સ્વભાવમાં થોડી ઘણી પણ બાંધછોડ કરી શકે છે.

દુર્જન ભલે સત્સંગ-કથા-વાર્તામાં જાય, સારા માણસોની સોબતમાં હોય, છતાં મનમાં ઘર કરીને રહેલાં વિચાર-ગાંઠો છૂટતી નથી. તેમને સત્સંગની જરા પણ અસર થતી નથી.

### સુવિચાર

- ભલભલાની પડતીના તળિયે તમને અહમ્નો અવશેષ અચૂક મળી આવશે..!! - **જીવન પાથેય**
- હૃદય તો બધાને મળ્યું છે પણ અન્યોને માટે ધબકતું હૃદય તો કોઈકને જ મળે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજના જમાનામાં સૌથી ઊંડો શ્વાસ છે 'વિશ્વાસ', કઠિન આસન છે 'આશ્વાસન'... કઠિન યોગ છે 'વિયોગ' તથા સૌથી શ્રેષ્ઠ આસન છે 'સહયોગ' - **જન્મભૂમિ**
- ઈશ્વરે આપણને આપેલા હાથ-પગનું ઘોર - અપમાન એટલે 'આળસ' - **સિદ્ધાંત શાહ**
- દાનની સફેદ ચાદર નીચે આપણે આપણા અનેક પાપ છૂપાવીએ છીએ - **સંત રોબિન**
- સૌથી લાંબી છતાં સચોટ પ્રાર્થનાનું નામ છે 'ધીરજ' - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : પીપળાના પાંદડા ઉકાળી તેમાં સહેજ સિંધવ મીઠું ઉમેરી નવશેકું ગરમ પીવાથી કફ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

વડોદરાના મહારાજા સયાજીરાવ મૈસુરના પ્રસિદ્ધ વીણાવાદક શેષણ્ણાના વીણા વાદનથી મંત્રમુગ્ધ થયા. એમને એની ઉત્તમકળાને સન્માનિત કરવા માટે શું આપવું એવી મીઠી મુંઝવણ થઈ. કેમ કે મૈસુરના રાજા એ શેષણ્ણાને સંપત્તિ અને સન્માન આપ્યા હતા. મહારાજા સયાજીરાવે એ વિસામણ હતી કે મૈસુરના રાજાએ આ કળાકારને સઘળું આપ્યું છે. હવે પોતે એને શું આપે ? લાંબો વિચાર કર્યા બાદ મહારાજાએ શેષણ્ણાને એક ઉત્તમ પાલખીની ભેટ આપી. અને વિનંતી કરીકે આવતીકાલે આ પાલખીમાં બેસીને દરબારમાં પધારો.

શેષણ્ણાએ સંકોચવશ મહારાજની ભેટ સ્વીકારી અને બીજે દિવસે દરબારમાં વીણાવાદન માટે આવવા વચન આપ્યું. બીજે દિવસે શેષણ્ણા પોતાની વીણાને પાલખીમાં મૂકીને સ્વયં પગપાળા દરબારમાં પધાર્યા. એમને જોઈને મહારાજ ગાયકવાડે કહ્યું, 'અરે આ શું? મેં તો આપને પાલખીમાં બિરાજમાન થઈને દરબારમાં આવવાનું કહ્યું હતું. શેષણ્ણાને અહંકાર સ્પર્શ શક્યો ન હતો. એમણે સહજતાથી ઉત્તર આપતા કહ્યું, 'મહારાજ', આપે મને જે સન્માન આપ્યું તે આ વીણા માટે આપ્યું છે. એને કારણે જ સહુ મને આદર અને પ્રેમ આપે છે. આથી જ મારા કરતા આ વીણા શ્રેષ્ઠ છે અને તેથી પાલખીમાં બિરાજમાન થવાનું સન્માન વીણાને મળવું જોઈએ.'

મહારાજા શેષણ્ણાના કલાસન્માનને જોઈને પ્રસન્ન થયા.

# 'પૂર્વાંચલ' બનાવવાની રાજકીય ચાલ

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તરપ્રદેશ દેશનું સૌથી મોટી વસતિ ધરાવતું રાજય છે. ગંગાજમનાનાં મેદાનોમાં સ્વાભાવિક રીતે જ શરુથી જ વસવાસ થતો રહ્યો અને ફળદ્રુપ જમીન ઉપરાંત માનનવજીવન માટે સાનુકૂળ વાતાવરણને કારણે ત્યાંનાં શહેરો વધુ ને વધુ ગીચ બનતાં ચાલ્યા. જેશ આઝાદ થયો ત્યારે 'યુનાઈટેડ પ્રોવિન્સ' તરીકે બ્રિટીજ રાજની ઓળખ ધરાવતા રાજય 'ઉત્તરપ્રદેશ' જેવું નામ મળ્યું એ હિંદીભાષી રાજય હતું એટલે મોટા રાજય તરીકે અકબંધ રહ્યું. જયારે મુંબઈ રાજય કાળક્રમે ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજયોમાં વિભાજીત થયું. ઉત્તરપ્રદેશનો પહાડી પ્રદેશ શરૂથી જ જનમાનસમાં તો ઉત્તરાખંડ નામે જ ઓળખાતો હતો. પાંચ જિલ્લાઓનું એ અલગ પર્વતીય રાજય જુદું પડ્યાં પછી પણ ઉત્તરપ્રદેશ દેશનું સૌથી મોટી વસતિ ધરાવતું અને સૌથી વધારે લોકસભાની બેઠકો ધરાવતું રાજય જ રહેવા પામ્યું છે. અવારનવાર પ્રદેશવાદી આગેવાનો એન પોતપોતાના અનુકૂળતા મુજબ વિભાજિત કરવાની માગણી કરતા રહ્યા છે. હમણાં જ દિવંગત થયેલા અજિતસિંહ પશ્ચિમ ઉત્તરપ્રદેશના જાટ વસતિવાળા વિસ્તારને 'હરિતપ્રદેશ' તીરકે અલગ રાજય બનાવવાની સતત માગતી કરતા રહ્યા છે. માયાવતીએ તો ઉત્તરપ્રદેશને એની અલગ અલગ પ્રાદેશિક ઓળખ અનુસાર પાંચ રાજયોમાં વિભાજિત કરવાની દરખાસ્ત રજૂ કરેલી. 'પૂર્વાંચલ' તરીકે જાણીતા ઉત્તરપ્રદેશના બિહારને અને નેપાળને સ્પર્શતા વિસ્તારને અલગ રાજયનો દરજ્જો આપવાની માંગ વારંવાર ઊઠતી રહી છે. હમણાં આ મુદ્દો કેન્દ્ર સરકારના વિચાર-વિમર્શમાં અગ્રતાક્રમે આવી ગયો છે. એની પાછળનું કારણ છે આગામી વર્ષે આવી રહેલી વિધાનસભાની ચૂંટણી. યોગી આદિત્યનાથના શાસનકાળ દરમિયાન ઉત્તરપ્રદેશમાં અરાજકતા વધી છે. સવિશેષ હિંદુત્વવાદી અભિગમના નામે રીતસરની ગુંડાગીરી ચાલતી હોય એવું વાતાવરણ સરજાયું છે. ગૌરક્ષાના પુરસ્કર્તાઓએ જ વહીવટ સંભાળી લીધો હોય એમ છાશવારે લઘુમતી સમાજની પજવણી થતી રહે છે. કોરોનાકાળમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વધુ વગોવાયા છે. ભાજપના સ્થાનિક આગેવાનો પ્રદેશની સરકાર વિરુદ્ધ અસંતોષ પ્રગટ કરતા થઈ ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ઉત્તરપ્રદેશ એ હુકમનો એક્કો છે. ભાજપે મહામહેનતે મુસ્લિમ પરસ્ત સમાજવાદી પાર્ટી, બહુજન પાર્ટી અને કોંગ્રેસને હાંસિયે ધકેલી દઈ ઐતિહાસિક વિક્રમજનક સફળથા હાંસલ કરી હતી. હવે એ જ ઉત્તરપ્રદેશ આગામી સમયમાં હાથમાંથી સરકરી જાય તો ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી વખતે ભાજપ માટે સત્તાવાપસી દુષ્કર જ બની રહે. એથી સુઆયોજિત ઢબે ઉત્તરપ્રદેશને બે રાજયોમાં વહેંચી દઈને તથા પૂર્વાંચલનું નવું રાજય સ્થાપીને કેન્દ્ર સરકાર ઉત્તરપ્રદેશમાં અંદરોઅંદર ધૂંધવાતા જાતિવાદી જૂથોને સંતુષ્ટ કરવા માગે છે. પાવરફુલ બ્રાહ્મમ લોબી ભાજપ માટે ખૂબ જ અગત્યની અસ્કામત છે. આથી મોદીની ખૂબ નજીક ગણાતા સનદી અધિકારી એ.કે. શર્માને ભાજપમાં સામેલ કરી વિધાન પરિષદમાં સભ્યપદ અપાઈ ચૂક્યું છે. એમને ખૂબ મહત્ત્વની કામગીરી સોંપાશે એવા અહેવાલો છે. શર્માને હજી સુધી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એમના મંત્રીમંડળમાં સામેલ કરેલ નથી. આથી મોદી અને આદિત્યનાથ વચ્ચે તિરાડ ઊભી થઈ હોવાના પણ વાવડ છે. બ્રાહ્મણલોબીને વધુ મજબૂત કરવા પ્રખર કોંગ્રેસી બ્રાહ્મણ નેતા જિતિન પ્રસાદને રાતોરાત ભાજપમાં સામેલ કરાયા છે. યોગીને સ્વાભાવિક રીતે જ આ બધું કઠે. યોગી મૂળે ક્ષત્રિય છે. બ્રાહ્મણ લોબી પાવરફુલ બને પાછું પૂર્વાંચલનું અલગ રાજય સ્થપાય તો યોગીનું વર્ચસ્વ ઓછું થઈ જાય એમ છે. યોગીના પ્રભાવ હેઠળનું ગોરખપુર પણ પૂર્વાંચલનો ભાગ બની જતાં એ ઉત્તરપ્રદેશ તરીકે બચેલા નવા રાજયમાં માત્ર કેન્દ્રની મહેરબાનીથી જ ટકી શકે. સત્તાનાં સમીકરણો માંડનારા હરહંમેશ કહેતા રહ્યા છે કે દિલ્હી પહોંચવાનો રાજમાર્ગ ઉત્તરપ્રદેશમાંથી પસાર થાય છે. પંડિત નહેરુથી લઈ વાજપેયી અને મોદી સુધીના વડાપ્રધાનો ઉત્તરપ્રદેશનું પ્રતિનિધિત્વ કરતા રહ્યા છે. ડૉ. મનમોહનસિંહ તો પ્રોક્સી કઠપુતળી વડાપ્રધાન હતા. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી રાયબરેલી અને અમેઠીની બેઠકો પરથી ચૂંટાયા હતા. યોગી આદિત્યનાથને મોદી પછીના સૌથી શક્તિશાળી નેતા તરીકે ઊપસાવનારાઓ માટે 'પર્વાંચલ' એક જોરદાર તમાચો બની રહેશે.

# શું કોરોનાની ત્રીજી લહેર આવશે?

## ● કોરોનાની સાઈડ ઈફેક્ટ શું ? ● કોરોનાની અસર બાળકો ઉપર શું થશે ?

**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર

ચારેબાજુ હવે અમાસના વાતાવરણમાંથી પૂનમનું વાતાવરણ થતું જાય છે. ચારેબાજુ આનંદ અને ઉત્સાહનો થોડો માહોલ દેખાવા માંડ્યો છે. છતાં પણ લોકોના માનસપટ પર પુરેપૂરો અંધકાર છવાયેલો છે. લોકો માનસ પર ભયનું વાતાવરણ સ્પષ્ટ દેખાય છે. કોઈ ઘરની બાર કામ સિવાય કોઈ નીકળતું નથી. હજુ પણ રોડ ખાલીખમ દેખાય છે. લોકો કામ સિવાય નથી નીકળતા તેની સાથે છોકરાઓની એકઝામ બંધ રહી છે. એકઝામ બંધ રાખવાનો શું હેતુ? હજુ પણ સરકારને ભય છે કે એમને ખબર છે કે કોરોનાની ત્રીજી લહેર આવવાની છે. સરકાર એટલે અગમચેતી પગલાં ભરી રહી છે. હવે હોસ્પિટલો ખાલી થતી જાય છે. નવા કેસો ખુબ જ નહિવત્ જોવા મળે છે. હોસ્પિટલો ખાલી, લેબોરેટલીઓ ખાલી છતાં પણ લોકોના મનમાં ભય હજુ યથાવત છે. હજુ આ બધામાંથી કોણ જાણે આપણે કયારે બહાર આવીશું. આવું બધું ગાંડાલાલ સ્વગત બોલ્યા કરતા હતા. પાછળ ઉભેલા ડાહ્યાલાલ બોલ્યા. વાત બિલકુલ સાચી છે. સમાજમાં, આપણા દેશમાં અને આખી દુનિયામાં આવી જ વાત દેખાય છે. ગાંડાલાલ બોલ્યા, આ બધું તો ઠીક છે. ત્રીજી લહેર આવશે? ડાહ્યાલાલ બોલ્યા, ત્રીજી લહેર આવવાની શક્યતાઓ નકારી ના શકાય. કારણ કે આપણા દેશમાં જેટલું થવું જોઈએ એટલું વેક્શીનેશન થયું નથી. અને અત્યારે તો લોકોમાં ભય છે તેથી બહાર નથી નીકળતા અને સરકારે આપેલ લોકડાઉન આપેલ છે. માટે આ કોરોના કાબુમં હોય એવું લાગે છે. આ બધું પૂરું થશે પછી ખરેખર ચિત્ર ખબર પડશે. આપણા દેશમાં તો ત્રીજી લહેર આવવાની શક્યતા છે.

કોરોનાની અસર બાળકો પર શું થઈ શકે ? કોરોનાના ટેસ્ટ બાળકોને લગભગ કરાવ્યા નથી પણ એવું ખબર પડે છે. હવે કે બાળકોને સીધો કોરોના થઈને મટી જાય છે. ગાંડાલાલે પૂછ્યું એ કઈ રીતે ખબર પડે કોરોના થઈને મટી ગયો ? હવે કોરોના એન્ટીબોડીનો ટેસ્ટ જેમ જેમ બાળકોમાં કરાવતાં ગયા તેમ તેમ ખબર પડે છે કે એન્ટીબોડી વધારે આવતાં સાબિત થતું જાયછે કે બાળકોમાં કોરોના થઈને મટી જાય છે. પણ હવે વાત એ છે કે જો ત્રીજી લહેર આવશે તો બાળકોમાં વધારે પ્રમાણમાં અસર થશે. અને એવું વૈજ્ઞાનિકો માને છે કે બાળકોમાં કોરોના થયા પછી મલ્ટી ઓર્ગન ફેલિયર એટલે કે એક કરતાં વદારે અંગને અસર કરશે. એટલા માટે હવે બાળકો ૨ મહિના વધારે પ્રમાણમાં સાચવવાની જરૂર છે.

હવે છોકરાઓની વાત કરી અને યુવાનો અને સિનિયર સિટીજન ઉપર શું અસર થશે ? જે લોકોએ વેક્સિન લઈ લીધી છે એ લોકોને પણ કોરોના થઈ શકે જેમાં યુવાનો હોય કે સિનિયર સિટીજન હોય પણ રસીના લીધે યુવાનોને અને સિનિયર સિટીઝનને કઈ ખાસ વાંધો નહી આવે પણ બાળકોનાં વેક્સીનેશન થયું નથી એટલે બાળકોની ચિંતા કરવાની જરૂર છે. એટલે ખાસ ચેતવાની વાત એ કે બાળકોને બંને એટલા વધારે પ્રમાણમાં સાચવવા જોઈએ. બને ત્યાં સુધી માતાપિતાએ છોકરાઓ સાથે બહાર ના જવું જોઈએ. સારી કેલેરીવાળો ખોરાક ખાવો જોઈએ. વિટામીન અને પ્રોટીન વધારે પ્રમાણમાં છોકરાઓએ લેવા જોઈએ અથવા મા-બાપએ આપવો જોઈએ. ટૂંકમાં છોકરાઓને સાચવો અને કોરોનાને હરાવો...

# દાદા ધર્માધિકારી : સહજતા અને વિનમ્રતાનું ગુરુશિખર

**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

દાદા ધર્માધિકારી લખે છે : ''હું ભણતો ત્યારે મારી નિશાળના એક ગરીબ વિધવાના દીકરા સાથે મારી દોસ્તી થઈ. તે ભણવામાં નબળો હતો પરંતુ દુનિયાદારીની વાતોમાં હોંશિયાર હતો. નિશાળે જતી વખતે દરરોજ હું તેને તેના ઘેરથી તેને સાથે લઈને જતો. એક શનિવારની વાત છે. નિશાળ સવારની હતી મારે સવારે તૈયાર થવામાં મોડું થયું. આથી નાસ્તો કર્યા સિવાય તેમજ મેલા થઈ ગયેલા આગલા દિવસના કપડા પહેરીને હું ચાલતો થયો. ફોઈ આ જોઈ રહ્યા હતા. તેમણે બળજબરીથી જૂના કપડા ઊતારીને બીજા પહેરાવ્યા. નાસ્તાનો પણ આગ્રહ થતાં જેમ તેમ થોડું ખાઈને હું મારા પેલા દોસ્તને ઘેર રોજના ક્રમ પ્રમાણે પહોંચ્યો. મિત્રના ઘરમાં પ્રવેશતાં મેં શું જોયું ? મારો મિત્ર પોતાની માનો પાલવ પકડીને રડી રહ્યો છે. શા માટે ? તેને ભૂખ લાગી હતી એટલે અડધી પણ વાસી રોટલી હોય તો તે મા પાસે માંગતો હતો. ઉપરાંત તેનો જૂનો ઝભ્ભો ફાટી ગયો હતો તે સાંધી દેવા વિનવણી કરતો હતો. આ દ્રશ્ય જોઈને મને આઘાત લાગ્યો. મારું દિલ રડી ઊઠ્યું. સમાજની આ કેવી વ્યવસ્થા ? મને નાસ્તા તેમજ સ્વચ્છ સુથરા અને નવા કપડા પહેરાવવા આગ્રહ થઈ રહ્યો છે. અહીં મારા દોસ્તને રાતની વાસી રોટલી મેળવવા કાલાવાલા કરવા પડે છે.'' (દાદા ધર્માધિકારી : મનીષીની સ્નેહગાથા : તારુ ભાગવત : અનુવાદ : કાન્તિ શાહ : યજ્ઞ પ્રકાશન)

અન્યનું દુઃખ જોઈને દ્રવી જનારા દાદા આજીવન સ્નેહની સરવાણી જેવું નિર્મળ જીવન જીવીને ગયા. આથી દાદાના આવા સ્નેહથી ભરપૂર વ્યક્તિત્વ માટે વિનોબાજી કહે છે :

'' નાના બાળકને પૂછીએ કે તારી મા કેવી છે ? સંભવ છે કે તેની મા સુંદર હોય. છતાં બાળક એમ નહિ કહે કે મારી મા સુંદર છે. સંભવ છે કે તેની મા બહુ વિદ્વાન હોય. છતાં બાળક એમ પણ નહિ કહે. બાળક માત્ર એટલું કહેશે મારી મા મને બહુ પ્રેમ કરે છે. બસ, દાદા માટે આટલુંજ કહી શકાય કે દાદા ભારે પ્રેમી છે. સ્નેહમૂર્તિ છે. '' (દાદાના જન્મસ્થાનમાં વિનોબાજીનું પ્રવચન) દાદાનો જન્મ ૧૮૯૯માં ૧૮મી જૂને થયો. ૧૯૮૫ની પહેલી ડિસેમ્બરે તેમણે મહાપ્રયાણ કર્યું. ગાંધી વિચારની એક મહત્વની અને કદાચ અંતિમ કડી ઊખડી ગઈ તેમ અનેક લોકોએ માન્યું અને તે વ્યથાનો અનુભવ કર્યો.

દેશની મુક્તિ મેળવવા માટે કેટકેટલા લોકોએ કેવા પ્રયાસ કર્યા હશે તેની વાતો જાણીએ ત્યારે અહોભાવ થાય છે. આઝાદી પ્રાપ્ત થઈ તે પૂર્વેના સમયમાં ગાંધીજી આવ્યા તે પહેલા અને ગાંધીજી આવ્યા તે પછી અનેકો લોકોએ સ્વેચ્છાએ ફનાગીરી વહોરી લીધી. કઈ ગણતરીએ આવા મોંઘા બલિદાન જનસામાન્યએ પણ આપ્યા હશે તે આજના સંદર્ભમાં આશ્ચર્યજનક લાગે છે. પરંતુ જ્યારે કોઈ માહોલ ઊભો થાય અને તેને દોરવણી આપનાર કોઈ પૂર્ણ અર્થમાં શ્રધ્ધેય પાત્ર હોય ત્યારે તેમ બની શકે છે તે વાત સ્વીકારવી પડે તેવી છે. પ્રમાણમાં નજીકના ભૂતકાળમાંજ દેશમાં કટોકટી લાદીને નાગરિકોના મૂળભૂત હક્કો પર નિયંત્રણ આવ્યા ત્યારે દ્રષ્ય કે અદ્રષ્ય પણ એક જૂવાળ ઊભો થયો. સદભાગ્યે તેને દોરવણી આપનાર જયપ્રકાશ નારાયણ હતા. આથી તેને એક વ્યાપક અસર પણ ઊભી થઈ. દેશના હજારો - લાખો લોકોને જયપ્રકાશ નારાયણની દ્રષ્ટિ તેમજ તેમની નિષ્ઠામાં ઊંડી શ્રધ્ધા હતી. આ વાતનો સંદર્ભજ મુક્તિ ચળવળ સાથે જોડી શકાય તેમ છે. તે સમયે પણ લોક જૂવાળ અને મહાત્મા ગાંધીની દોરવણીનો અભૂતપૂર્વ સુયોગ થયો હતો. મુક્તિ માટેની ઝંખનાએ માનવ માત્રનો અધિકાર છે તેથી તેનું નિયંત્રણ એ ગોરી સરકાર સામેની લડતનું ચાલકબળ હતું. આથી ૧૯૪૧માં ગાંધીજીએ વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યો ત્યારે દાદા કહે છે કે માલકિને તેમાં જોડાવા આગ્રહ રાખ્યો. (દાદા તેમના ધર્મપત્નીને માલકિન કહેતા) દાદાએ પોતાના ધર્મપત્નીને ગાંધીજી પાસે મોકલ્યા. બાપુએ માલકિનને સત્યાગ્રહમાં જોડાવા રજા આપી. દાદાને ગાંધીજીએ આ સાથેજ આદેશ આપ્યો : ''એ જેલમાં જાય ત્યારે મારે ઘેર જ રહીને બાળકોની સંભાળ રાખવી'' વ્યક્તિગત સત્યાગ્રહમાં માલકિનના વકતવ્યોથી લોકો પર પ્રભાવ ઊભો થયો. લડતના સ્વાભાવિક ક્રમ પ્રમાણે તેને બે - અઢી વર્ષની જેલની સજા થઈ. પરંતુ જેલજીવનમાં એક દુઃખદ ઘટના બની. દાદાના ધર્મપત્ની તેમનું દિમાગી સંતુલન ખોઈ બેઠા. દાદાના ચિત્ત પર મોટો આઘાત થયો.

દાદા લખે છે : ''સ્વરાજ્યની લડત લડતા અનેક લોકોના સંસારનો વિધ્વંસ થયો. મારું ઘરકુલ પણ ઉધ્વસ્ત થઈ ગયું.'' કેવી મોટી કિમ્મત એક પેઢીએ ચૂકવી હશે તે જોઈએ તો સ્વાતંત્ર્યનું ખરું મૂલ્ય સમજાય છે. ઝવેરચંદ મેઘાણીએ લખ્યું છે :

તારા નામમાં ઓ સ્વતંત્રતા !
મીઠી આ શી વત્સલતા ભરી
મુડદા મસાણેથી જાગતા
એવી શબ્દમાં શી સુધા ભરી ?

નવેમ્બર-૧૯૮૫ થી દાદા વધારે નાદુરસ્ત થયા. મુત્યુના સંદર્ભમાં દાદાએ પોતાની ડાયરીના છેલ્લા પાને લખેલી સૂચનાનું પાલન કરવામાં આવ્યું. લખાણ આવું હતું :

''મારું મરણ થાય ત્યાંજ કે નજીકના કોઈ સ્થળે શરીરનું દહન કરવામાં આવે. અંતિમ યાત્રા ન યોજવામાં આવે. સ્મશાનમાં ભાષણ વગેરે ક્રિયાઓ ન થાય. બહારથી કોઈને બોલાવવામાં ન આવે. દહનમાં ચંદન, કપૂર કે ઘીનો ઉપયોગ ન થાય. કોઈપણ પ્રકારનું સ્મારક ઊભું ન કરવામાં આવે. શોકસભાઓ પણ ન ભરાય.'' કોઈપણ દુન્વયી તેમજ મોટાભાગના લોકોને સહજ ગણાય તેવી લાલસાઓ પ્રત્યે દાદાની સંપૂર્ણ અનાસક્તિ એ દાદાના જીવનમાં સહજ રીતે મહોરી ઊઠી છે.

વિમલાજી ઠાકર લખે છે : ''દાદા પોતાની મહાનતાને હમેશા સામાન્યતાના આવરણમાં રાખતા હતા.'' દાદા એ જાહેર જીવનનું એક ઉત્તુંગ શિખર સમાન હતા.

# ચાલતાં ચાલતાં...

**સંવેદનનું સ્ટેટ્સ**

રમેશ ઠક્કર

ચાલવું એ જયારે ભક્તિમય બની જાય ત્યારે એ યાત્રા બની જાય છે.એમાં



જયારે સાહસ કે રોમાંચ ભળે ત્યારે એ પ્રવાસ બની જાય છે. ઈશ્વરે માણસને પગ આપી ને કમાલ કરી નાખી છે.ચાલવાની પણ વિવિધ છટાઓ હોય છે.પગપાળા શબ્દ દીપમાળાથી જરા પણ કમ નથી.

ભીની બનાસના રેતાળ પટમાં અમારૂં શૈશવ પગલીઓ પાડતું એ જીવનનો અનોખો વૈભવ હતો.અમારા મુલકમાં માણસને બેસી રહેવું ગમે જ નહીં.થોડી વારે પગ છુટો કરી આવવાની તાલાવેલી એને કાયમ રહયા કરે.ધુળભરી ખેપ અને પગદંડીનો સંગ એને સહજ હોય.

માણસ રૂટીન ચાલે અને કોઈક હેતુસર ચાલે એ બંનેમાં ફરક છે.સહેતુક વિહરવું એનું નામ જ આમ તો પ્રવાસ.આપણે એનું શબ્દોમાં આલેખન કરીએ એટલે એ પ્રવાસ વર્ણન બની જાય.જે અંગ્રેજીના travelouge પરથી ઉતરી આવેલો શબ્દ છે. ડોકયુમેન્ટેશન એ આપણી આદત નથી, નહીતર કેવા કેવા પ્રવાસીઓ આપણી સંસ્કૃતિમાં થયા છે..અગસ્ત્ય મુનિના પ્રવાસોનાં રસપ્રદ વર્ણનો જો એમણે કર્યા હોત તો ? નારદની ભ્રમણકથાઓ કોઈ સાહિત્યિક સ્વરૂપમાં આલેખાઈ હોત તો ? આપણા જેવા વાચકોની જિંદગી કેવી ઝાકમઝોળ હોત એ કલ્પના માત્રથી રોમાંચ થઈ જાય છે..!

ઐતિહાસિક રીતે જોઈએ તો ગુજરાતી ભાષાનું પ્રથમ પ્રવાસ વર્ણન ઈ.સ.૧૮૯૫માં સુલેમાન શાહ મહમ્મદ નામના લેખકે આપ્યું છે.જેનું ટાઈટલ હતું 'પૃથ્વીની પ્રદક્ષિણા'.ભુતકાળમાં ઘણા પારસી લેખકોએ પણ સફરગાથાઓ આલેખી છે..આમ છતાં પ્રવાસ વર્ણન ખરેખર કેવું હોય એની નજાકત શું હોય એનો સાચા અર્થમાં આપણને અહેસાસ કરાવનાર કોઈ લેખક હોય તો એ છે કાકાસાહેબ કાલેલકર... 'હિમાલયનો પ્રવાસ' ના કેવળ પ્રવાસ વર્ણન છે પરંતુ ઉત્તમ સાહિત્યિક કૃતિ પણ છે. 'રખડવાનો આનંદ' એ પુસ્તક આપણને લેખકની સાથે સાથે રોમાંચક સફર લઈ જાય છે.રસિક ઝવેરી નામના લેખક પત્રકાર તો એથી પણ આગળ વધી ×અલગારી રખડપટ્ટી× નામે વિદેશસફરનું અદ્ભુત પુસ્તક આપે છે. આ એક જ પુસ્તક થકી એ સાહિત્ય જગતમાં અમર છે.આ પુસ્તકની એક ડઝન જેટલી આવૃત્તિઓ થઈ છે એ પણ આપણી ભાષા માટે એક રેકર્ડ સમાન છે.

પ્રવાસ વર્ણન લખવું એ સાચે જ અઘરું છે.લેખક જો ધ્યાન ના રાખે તો એમાં આત્મશ્લાઘા કે આપવડાઈ આવી જતાં વાર ના લાગે.આપણી વિદ્વતા કે આપણું જ્ઞાન એમાં જો સહજ વણાઈ જાય તો જ એ રસપ્રદ બને અને તો જ વાચક એમાં સચ્ચાઈનો રણકો અનુભવી શકે.

ભોળાભાઈ પટેલનાં પ્રવાસ ઉપરનાં પુસ્તકો અને એની શૈલી એક અલગ ભાત પાડે છે.ચંદ્રકાંત બક્ષીને પણ પ્રવાસ વર્ણનો લખવાનો શોખ હતો.અને સારી એવી ફાવટ પણ હતી 'ગુજરે થે હમ જહાં સે, યહ તો વહી જગહ હે..' પાકિસ્તાન ઉપર લખેલું આ એમનું અદ્ભૂત પુસ્તક છે.જેમાં આપણાથી તદ્દન વિભિન્ન જીવનશૈલી ધરાવતા અને આપણામાંથી જ વિખૂટા પડેલા એક પ્રદેશની ઘણી અજાણી અને અનોખી વાતો એમાં કહેવાઈ છે.

ગુજરાતીઓ આમ તો ફરવાના શોખીન અને વિશ્વ પ્રવાસીઓ કહેવાય છે... આપણે ખૂબ ફરીએ છીએ... પણ એ બધાનું શબ્દોમાં આલેખન કે એનું ડોકયુમેન્ટેશન એ આપણી આદત નથી અને એટલે જ આપણું પ્રવાસ સાહિત્ય એટલું સમૃધ્ધ નથી.મહાત્મા ગાંધીએ લખેલું 'દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહનો ઈતિહાસ' એ પ્રવાસ વર્ણનની લગોલગ ઉભું રહે એવું સરસ પુસ્તક છે... ગાંધીજીએ જો થોડાંક વધારે આ દિશામાં પ્રદાન કર્યું હોત તો એમની પાસેથી આપણને ઉત્તમોત્તમ પ્રવાસ વર્ણન મળ્યાં હોત અને એમના વૈવિધ્યસભર વ્યકિતત્વની એક અજાયબ વાતાયન પણ ઉઘડી ગઈ હોત.

આજકાલ પ્રવાસ વર્ણનો લખાય છે..પણ એમાં કેવળ માહિતી અને તથાકથિત શુષ્ક જાણકારી સિવાય કશું હોતું નથી... હકિકતમાં પ્રવાસનો લીધેલો આનંદ, સાહિત્યિક સ્પર્શ સાથેનું આલેખન, અનુભવોનું તારણ એવા ત્રિવેણી સંગમ ઉપર જે પ્રગટે એ જ સાચું સફરનામું.